શ્રી રામચંદ્ર મિશન

India ECHOES
ONE WORLD ONE HUMANITY

# યાદગાર જન્મદિવસ





પૂજ્ય માસ્ટરના ૮૫મા જન્મદિવસની ઉજવણી તિરુપુર(ભારત)ના ડાયમંડ જ્યુબીલી પાર્ક ખાતે ૨૩ થી ૨૫મી જુલાઈ, ૨૦૧૧ દરમિયાન રખાઈ હતી અને આપણા પ્રિય માસ્ટર સાથે રહેવાનો અને ઉત્સવમાં ભાગ લેવાનો તે આનંદનો પર્વ હતો. પૂ.માસ્ટરનું તિરુપુરમાં ૨૦મી જુલાઈના રોજ આગમન થયું અને જ્યારે તેમની કાર પર્વ સ્થળે દાખલ થઈ, ત્યારે અભ્યાસીઓ તેમના પ્રિય માસ્ટરની એક ઝલક પામવા શાંતિપૂર્વક રાહ જોતા ઊભા હતા અને યુવાન અભ્યાસીઓના જૂથે તેમને આવકારતું એક ગીત ગાયું. માસ્ટરની કાર ઊભી રહી અને તેમણે ગીત સાંભળ્યું અને ત્યાર બાદ તેઓ તેમની કુટિરમાં દાખલ થયા. 'તેઓ પધાર્યા' અને તરતજ દરેકને વતાવરણમાં બદલાવનો અહેસાસ થવા લાગ્યો.

માસ્ટરનું આગમન થયું, ત્યાં સુધીમાં પર્વ સ્થળે લગભગ ઘણીખરી સવલતોની તૈયારી થઈ ચૂકી હતી અને તે સવલતો ઉપલબ્ધ હતી, માત્ર અંતિમ હળવા ફેરફાર બાકી હતા. તેમના આગમન સાથે સ્વયંસેવકોની કાર્ય પ્રવૃત્તિ એકાએક વધી ગઈ અને દરેકે પોતાનું સ્થાન ગ્રહણ કરી લીધું અને વિવિધ કાર્યક્ષેત્રો સરળતાથી કામ કરતા શરૂ થઈ ગયા. માસ્ટરે 'રૂચિ કાફે' સંચાલિત કેન્ટીનનું ઉદઘાટન કર્યું અને પછી પ્રાંગણમાં વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરવા તેઓ એક લટાર મારવા નીકળ્યા.

## પ્રચંડ તૈયારીઓ

૨૦૦,૦૦૦ ચોરસ ફૂટ ક્ષેત્રફળ વિસ્તારવાળો વિશાળ ધ્યાનકક્ષ ઊભો કરવામાં આવ્યો હતો અને ખંડને લગભગ ૧૦૦ સ્વયંસેવકોની મદદ થકી લગભગ ૧૫૦૦ કિલોગ્રામ પુષ્પો દ્વારા શણગારવામાં આવ્યો હતો. ધ્યાનકક્ષની વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે મંચની તૈયારી, પાણીનો પૂરવઠો, સફાઈ, શણગાર, દ્રશ્ય–શ્રાવ્ય વ્યવસ્થા, સુરક્ષા, ગોલ્ડન બુક, વગેરે માટે બધું મળીને ૪૦૦ જેટલા સ્વયંસેવકો વિવિધ ક્ષેત્રોમાં પ્રવૃત્ત હતા. આવડો મોટા પાયાનો અત્યંત સુમેળ અને સહકાર સાથેનો કારભાર, માત્ર આપણા ગુરુજીના દિવ્ય માર્ગદર્શન નીચે જ થઈ શકે. માસ્ટરે ધ્યાનકક્ષનું ઉદઘાટન ૨૨મી જુલાઈની સવારે કર્યું અને તેમણે ઉત્સવના બધા જ દિવસોએ સવારનો સત્સંગ કરાવ્યો.












તસવીર પ્રદર્શન (ફોટો ગેલેરી) એક મોટું આકર્ષણ હતું અને તે જ રીતે, સહજ માર્ગના યુવાનો જે પ્રવૃત્તિઓમાં સામેલ છે, તે દર્શાવતા અને સમજાવતા યુવા જાગૃતિ મંચે (યુથ અવેરનેસ બૂથે) પણ આકર્ષણ ઊભું કર્યું હતું. બીજું એક મોટું આકર્ષણ બાળકેન્દ્ર હતું. એક ખાસ મોટા કદના તંબૂમાં દરેક ઉંમરના બાળકોને વિવિધ પ્રકારની કલા અને હસ્તકલામાં પ્રવૃત્ત રખાયા હતા. ઉત્સવ દરમિયાન, મુંબઈમાં ધ્વનિમુદ્રિત થયેલા અને ખાસ રચાયેલા ગીતની પૂર્વતૈયારી લગભગ ૨૦૦૦ જેટલા બાળકોએ કરી હતી અને તે ગીતનું જીવંત પ્રસારણ કરાયું હતું કે જેથી માસ્ટર પણ તેને નિહાળી શકે. દુનિયાના વિવિધ ભાગોમાંથી આવેલા બાળકોનું, એક જ અવાજમાં ગવાતું આ સમૂહગાન સાંભળવું, તે એક અદભુત લહાવો હતો.



## સંખ્યા અને સવલતોની એક નવી ઊંચાઈ

ઉત્સવમાં અભ્યાસીઓની સંખ્યા ઘણી જ વધારે હતી. પર્વસ્થળે લગભગ ૪૮૦૦૦ (બાળકો સહિત) અભ્યાસીઓ હાજર હતા. આ અત્યાર સુધીનું સૌથી મોટું સંમેલન છે. અભ્યાસીઓના માત્ર રહેઠાણ માટે જ આશરે ૨૦૦ જેટલા તંબુઓ ઊભા કરાયા હતા. તદુપરાંત, મર્યાદિત સંખ્યામાં ઊભા કરાયેલા ખાસ રહેઠાણો, 'આરામ ડોર્મસ' પણ સામાન્ય કિંમતે ઉપલબ્ધ હતા.



અભ્યાસીઓના આવા વિરાટ સંમેલનના આયોજન માટે વિવિધ વિભાગોમાં જરૂરી એવા સ્વયંસેવકોના સખત પ્રયત્નોને કલ્પી શકાય છે. જેમ જેમ વિવિધ સ્થળોએથી પર્વસ્થળે બસો આવવા લાગી, તેમ તેમ વાહન વ્યવહાર, રહેઠાણ અને નોંધણી માટે ટીમોની પ્રવૃત્તિઓનું સંકલન અતિ મહત્ત્વનું હતું અને સ્વયંસેવકોની ટીમોએ આ સરળ પ્રક્રિયાને અસરકારક રીતે અનુસરીને અભ્યાસીઓની અવરજવરને નિર્વિઘ્ન રીતે સુનિશ્ચિત કરી. બધી જ સ્વયંસેવકોની ટીમો, તેઓ જ્યાં પણ કામ કરતી હોય ત્યાં તેમની મદદમાં, તેમને ખોરાક અને પાણીનો પુરવઠો સમયસર પહોંચતો રહે, તે માટે એક ટીમ ફરતી હતી, જે રાત-દિવસ કામ કરતી હતી.


















પુસ્તક ભંડાર એક મોટી સવલત હતી અને તાજેતરમાં જાહેર થયેલા પ્રકાશનો સહિત દરેક ભાષામાં પુસ્તકો ખરીદ કરવા માટે ઉપલબ્ધ હતાં.

રસોડામાં ૧૦૦ સ્વયંસેવકોને કતારમાં ઊભા રહી રોટલીઓ બનાવતા જોવા, એ એક ભવ્ય દ્રશ્ય હતું! રસોડંન અભ્યાસીઓ માટે સવારના નાસ્તા–ભોજનનો અને સાંજના ચા–નાસ્તાનો પ્રબંધ કરતું હતું.

એમ્બ્યુલન્સ સાથેના એક સુસંગઠિત મેડિકલ કેન્દ્ર કટોકટી સમયની સેવાઓ સહેલાઈથી ઉપલબ્ધ હતી. પીવાના પાણીની જરૂરિયાત માટે કલાકના ૧૦,૦૦૦ લીટરની વિશાળ ક્ષમતા ધરાવતો આર.ઓ. પ્લાન્ટ પીવાનું પાણી ઉત્પન્ન કરતો હતો. ખૂબ જ કાર્યક્ષમ સ્વયંસેવકોની ટીમને ટોઈલેટની સફાઈ કરવા માટે મૂકવામાં આવી હતી. રસોડામાં તથા કેન્ટીનમાં અપનાવાયેલી આરોગ્ય સંરક્ષણાત્મક તકેદારીઓને લીધે મેડિકલ કેન્દ્રને જૂજ દર્દીઓને સંભાળવા પડ્યા હતા.

## એક નવા અનુસાશનની શરૂઆત

તા.૨૩મી જુલાઈના સવારના સત્સંગ બાદ, ઉત્સવ સમિતિના અધ્યક્ષ, ભાઈ હર્ષવર્ધન ગુપ્તાએ સ્વાગત વકતવ્ય આપ્યું હતું. તેમણે ઉત્સવના સ્થળ તરીકે તિરુપુર નક્કી કરવા માટે પૂ.માસ્ટરને આભાર અને કૃતજ્ઞતા વ્યકત કર્યા હતા. તેમણે દેશના ખૂણેખૂણામાંથી આવેલા અને તૈયારીના કાર્યોમાં સહભાગી થયેલા અસંખ્ય સ્વયંસેવકોનો આભાર અભિવ્યકત કર્યો હતો. ભાઈ ગુપ્તાએ તે હકીકત ઉપર ભાર મૂક્યો કે જો માસ્ટર પ્રાણાહુતિના સ્વરૂપે ધ્યાનની બેઠકમાં પોતનું સર્વસ્વ રેડી દેતા હોય, તો











આપણે અભ્યાસીઓએ, માસ્ટર જ્યારે તેમની કુટિરમાં હોય, ત્યારે તેમને ખલેલ પહોંચાડવાથી દૂર રહેવું જોઈએ.

આ ભંડારા માટે માસ્ટર દ્વારા અપાયેલા સૂત્ર 'પ્રેમમાં અનુસાશન'ના સૂચિત ઈશારાને ધ્યાનમાં લઈને, પૂ.માસ્ટરની આરામની જરૂરિયાત માટે અને તેમના ઉપરના દબાણ ન થાય, તે માટે દરેક અભ્યાસીને વિનંતી કરવામાં આવી હતી. અભ્યાસીઓનો પ્રતિભાવ અદભુત હતો અને માસ્ટરને પોતાનું કામ કરવાનો અને સત્સંગો વચ્ચે આરામ કરવાનો અવકાશ મળ્યો હતો. સવારે ૧૧:૩૦ વાગે ઉત્સવના સૂત્ર 'પ્રેમમાં અનુસાશન' ઉપર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને ભાઈ ચક્રપાણિએ પહેલા અંગ્રેજીમાં અને ત્યાર બાદ તમિલમાં, એક ઉત્સાહપ્રેરક વક્તવ્ય આપ્યું હતું. તેમણે સરખામણી કરી કે કેવી રીતે સમુદ્રમાં કેટલોક સમય રહેલું એક જહાજ તેના તળિયે જેને બાર્નેકલ્સ(જહાજના તળિયે બાઝેલા શંખ અને છીપ) કહેવાય છે, તેને જમા કરે છે, જે જહાજની ઝડપ ઘટાડે છે અને આ સાફ કરવા જહાજને ગોદીમાં વખતોવખત લાંગરવું જ પડે છે. તેવી જ રીતે, અભ્યાસીઓ વર્ષ દરમિયાન સ્થૂળતા ભેગી કરે છે તેને માટે આવા ઉત્સવમાં માસ્ટર અભ્યાસીઓની સફાઈ કરે છે અને તેમને પોતપોતાની જગ્યાઓએ પાછા મોકલે છે. ૨૩મીની સાંજે, વિવિધ કેન્દ્રોના અભ્યાસીઓ દ્વારા નૃત્યોના અને ગીતોના વિવિધ કાર્યક્રમો રજૂ કરાયા હતા.

## જન્મદિન


તા. ૨૪મી જુલાઈની સવારે, પૂ.માસ્ટર ધ્યાનકક્ષ ઉપર આવ્યા, તે પહેલાં પર્વસ્થળના પાણીના મુખ્ય સ્ત્રોત, સરોવર પર ગયા. તેમણે જોયું કે સરોવર પૂરેપૂરું ભરેલું છે અને તેમણે મજાક કરતા પૂછ્યું, "શું આટલું પાણી પૂરતું છે કે હજી આપણને વરસાદની જરૂર છે?" તે પછી, જ્યારે માસ્ટર ધ્યાનકક્ષમાં દાખલ થયા, ત્યારે વાયોલીન ઉપર જન્મદિનના ગીતની ધૂન વાગી અને તેને અનુસરીને બધા અભ્યાસીઓએ જન્મદિનનું ગીત ગાયું. તેમણે ધ્યાનકક્ષને અભ્યાસીઓથી સંપૂર્ણપણે ભરેલો અને ઉભરાતો જોયો. તેમણે કહ્યું, "સરોવરની જેમ ધ્યાનખંડ પણ છલોછલ ભરેલો છે." પૂ.માસ્ટરે ઉત્સવના ત્રણ દિવસો દરમિયાન અઠ્ઠાવીસ લગ્નો સંપન્ન કર્યા. તા.૨૪મી જુલાઈએ, બહેન રંજના મહેતા અને ભાઈ ગુરુપ્રીતે અતિ ભાવનાશીલ ભજનો ગાયા, જે દરેકના હૃદયને સ્પર્શી ગયા અને ઘણાંની આંખોમાં આંસુ આવી ગયા. પછી, પૂ.માસ્ટરે પ્રવચન આપ્યું.

ભાઈ પી.આર.ક્રિશ્નાએ ૨૪મીની સાંજે સત્સંગનું સંચાલન કર્યું અને સત્સંગ ચાલુ હતો, તે દરમિયાન જ વાદળો ગર્જી ઉઠ્યા અને જેવો સત્સંગ પૂરો થયો, તે સાથે જ વરસાદનું એક જોરદાર ઝાપટું પડ્યું. સત્સંગ પછી, બહેન જયંતિ કુમારેસને વીણાવાદન કર્યું અને માસ્ટરે તે તેમની કુટિરમાંથી, સીસીટીવીની સવલત વડે નિહાળ્યું. તે અદભુત કાર્યક્રમ હતો, જેણે પ્રેક્ષકગણને બે કલાક સુધી જકડી રાખ્યું.

દરેક જણ સમજી શકે છે કે દરેક જણને વ્યક્તિગત રીતે મળવું, તે પૂજ્ય માસ્ટર અત્યંત કઠિન હતું. તેમ છતાં અભ્યાસીઓના કેટલાક જૂથો












સાથે સમય ફાળવવા તેમણે પ્રયત્ન કર્યો. તેઓ આફ્રિકા, નેપાળ, શ્રીલંકા, યુ.એસ.એ, યુરોપ, વગેરેથી આવેલા અભ્યાસીઓને મળ્યા. એક મેળાપમાં, તેમણે ટિપ્પણી કરી કે અભ્યાસીઓએ પહેલાં કામ કરવું, તે અગત્યનું છે, તેમણે કહ્યું કે પોતાની જાત ઉપર અને બીજાઓ ઉપર કામ કરવું જોઈએ અને ત્યાર બાદ જ મેળાપ થવો જોઈએ. તેમણે કહ્યું કે તે પછી જ આવા મેળાપોનો અર્થ સરે છે અને તેમણે જૂથને કામ કરવા પ્રોત્સાહિત કર્યું અને પછી, આવતી વખતે ફરીથી મળવા કહ્યું.



## ઉચિત સમાપન

૨૫મી જૂલાઈના રોજ, માસ્ટરે સમાપન સત્સંગ કરાવ્યો અને તેના પછી બહેન નિહારિકાએ માસ્ટરની પ્રશંસા કરતી હિંદી સ્તુતિ–કાવ્યો રજૂ કર્યા. તે હૃદયમાંથી પ્રસ્તુત થયા હતા અને ધ્યાનકક્ષમાં રહેલા દરેક અભ્યાસીએ કાવ્યપઠનમાંથી પ્રેમ નીતરતો અનુભવ્યો હતો. ભાઈ પી.આર.ક્રિષ્ના એ ઉત્સવના સૂત્ર “પ્રેમમાં અનુસાશન” ઉપર સમાપન વકતવ્ય આપ્યું. તેમણે ટિપ્પણી કરી કે આપણે અભ્યાસીઓએ આખા ઉત્સવ દરમિયાન આ સૂત્રનો મહાવરો કર્યો છે અને આપણે ખુશ થઈ શકીએ કે આપણી આ વર્તણુંકે માસ્ટરને ખુશ કર્યા છે. તેમણે આપણા જીવનની ત્રણ મૂળભૂત સમસ્યાઓને વર્ગીકૃત કરી હતી; પૂર્વાગ્રહ, અપેક્ષા, અને મૂલ્યાંકન; અને આ ત્રણેય વસ્તુઓનું કારણ અહંકાર છે. તેમણે માસ્ટરના કથનનું પુનઃઉચ્ચારણ કરતા કહ્યું હતું કે જે એકમાત્ર વસ્તુ વડે માસ્ટર વર્તમાન અવસ્થામાં પહોંચી શક્યા છે, તે વસ્તુ એટલે આજ્ઞાપાલન. તેમના આ વકત્વ્ય સાથે ઉત્સવ સમાપ્ત થયો, પણ જે હૃદયસ્પર્શી લાગણીઓ આ ઉત્સવ મૂકતો ગયો છે, તે સદાને માટે આપણાં હૃદયમાં રહેશે.







## પૂ.માસ્ટરના વકતવ્યમાંથી અંશત: – ૨૪મી જુલાઈ



‘ [ગુરપ્રીતે] હમણાં જ ગાયું કે ગુરુજીની કૃપાથી દરેક ક્ષણ નવી સવાર હોય છે. શું ઓછામાં ઓછી આપણી સવાર  નવી સવાર હોય છે? કે પછી આપણે દરરોજ સવારે દુ:ખી જ હોઈએ છીએ? હું શા માટે જાગ્યો? હું આજે શું કરવાનો છું? મેં ઘણાં બધાં વર્ષોની સમસ્યાઓ હજી ઉકેલી નથી, કદાચ કેટલી બધી જિંદગીઓની સમસ્યા ઉકેલી નથી, તો આ સવાર કેવી રીતે જુદી હશે? ફરી મારે દુ:ખી થઈને બેસવું પડશે અને ઈશ્વર સમક્ષ રડવું પડશે કે “મને અહીં આ રીતે શા માટે રાખ્યો છે?”

આપણામાંથી કોણ પોતાની જાત માટે કર્યા સિવાય બીજા કોઈને માટે કંઈ કરે છે? શું હજી આપણે આપણા ઘરમાં વાસીદું વાળીને કચરો બહાર રસ્તા પર ફેંકી નથી દેતા? શું હજી પણ આપણે આપણા બાળકોને બહાર શેરીઓમાં સંડાસ માટે નથી બેસાડતા?  શું હજી આપણે સિગરેટના ઠૂંઠાં કે નકામા કાગળો રસ્તા પર નાંખી નથી દેતા? રસ્તા પર નથી થૂંકતા? અને પછી શુદ્ધ પર્યાવરણની મોટી વાતો નથી કરતા? શું આપણે વૃક્ષો નથી કાપતા? શું આપણે આપણી નદીઓને ગંદી નથી કરતા? પ્રાચીન વેદોમાં; વેદના કેટલાક વિભાગોમાં છે કે સજ્જન માણસે પર્યાવરણનું ધ્યાન રાખવું જ જોઈએ, તેણે વૃક્ષો કાપવા જોઈએ નહીં, તેણે વૃક્ષની પૂજા કરવી જોઈએ કારણકે વૃક્ષ વગર ઓક્સિજન નહીં હોય અને વાતાવરણની સફાઈ નહીં થાય. વૃક્ષો કંઈ બાળવા માટે લાકડું આપવા નથી હોતા. વૃક્ષો વાતાવરણની સફાઈ માટે હોય છે કે જેથી જ્યારે આપણે શ્વાસ લઈને બહાર કાઢીએ છીએ, ત્યારે આપણા ઉચ્છવાસમાં બહાર આવતા કાર્બન ડાયોક્સાઈડને તે દૂર કરે. આપણે પર્યાવરણ ગંદુ કરતા હોઈએ છીએ પણ આપણે વાતો મોટી કરીએ છીએ કે મનુષ્ય ઉત્ક્રાંતિના શિખર પર છે. તે શિખર પર તો નથી હોતો, પણ ઉત્ક્રાંતિનો શિકાર હોઈ શકે છે.


... હું જે મુદ્દા પર ભાર મૂકવા માગું છું, જેના પર તમારું ધ્યાન દોરવા માગું છું, તે એ છે કે આપણામાંના દરેકે દરેક આ પરિસ્થિતિ માટે જવાબદાર છે, આ દેશ માટે જે પવિત્ર ભૂમિ ગણાય છે કે જ્યાં ગંગા નદી છે, ‘જિસ દેશમેં ગંગા બહતી હૈ’, એ ભૂમિ કે જ્યાંથી વેદો પ્રગટ થયા, વગેરે વગેરે. આપણે કેટલાં બધાં દાવા કરીએ છીએ. શું આપણે તે પરંપરાને જીવંત રાખવા માટે આપણા તરફથી કંઈ પણ કરીએ છીએ? પરંપરાના તે આદેશોનું પાલન કરીએ છીએ? માનવજીવનની જરૂરિયાતો માટે આપણે શું કંઈ પણ કરીએ છીએ? કરુણા, દયા, પ્રેમ, ભાઈચારો, બીજાંઓનું શોષણ ન કરવું, માત્ર પોતા માટે જ કામ ન કરવું પણ બીજાઓ માટે કામ કરવું વગેરે. હકીકતે આધ્યાત્મિકતા કહે છે, તમારી જાતને ભૂલો. તમે જે બીજાઓ માટે કરો છો, તે છેવટે તો તમારા તરફ જ આવશે, છેવટે એટલે હવે પછીના યુગમાં નહીં. બધાં જ પ્રાચીન વિજ્ઞાનો, રહસ્યવાદ વગેરે કહે છે કે તમે જે કરો છો, તમે જે વિચારો છો, તે બ્રહ્માંડમાં જાય છે અને પાછું તમને જ મળે છે. જો તમે ધિક્કાર કરશો, તો ધિક્કાર તમારા તરફ જ આવશે, જો તમે પ્રેમ કરશો, તો પ્રેમ તમારા તરફ જ આવશે, જો તમે આપશો, તો તમે જે આપશો, તે પાછું તમને જ મળશે. પણ આપણે શું કરી રહ્યા છીએ? લાવ, લાવ, લાવ....



...એક કહેવત છે કે પથ્થર તો પથ્થર જ છે. તમે તેને લાત મારો, તમે તેને ફેંકો, તમે તેને કંઈ પણ કરો. પણ જો તમે તેને મંદિરમાં મૂકો, તો પછી તમે તેના સેવક બની જાઓ છો. તમે તમારા પથ્થરો ક્યાં મૂકો છો, તમે તમારા પૈસા ક્યાં રાખો છો, તમારી ભક્તિ કોને માટે છે, તે બાબતે તમે ચેતી જજો. તમે ચેતી જ જજો કારણકે આજની દુનિયા તો ખરાબ છે જ, પણ કાલની દુનિયા, પાંચ વરસ પછીની દુનિયા કેવી હશે? તમારા બાળકો પાંચ વરસ મોટા હશે, તમારા પૌત્રો પાંચ વરસ મોટા હશે, નાના બાળકો યુવાનવયમાં હશે અને તમે વૃદ્ધ થવા લાગશો, ત્યારે તમારી પાસે એ કહેવાની હિંમત કે સચ્ચાઈ નહીં હોય કે જે આજે છે, તે દુનિયા મેં જ બનાવી છે. મારા દિકરા, તું એવું ન કરીશ. આપણે તે નથી કરવાનું. તો જુઓ આમ આપણા મોટા ભાગનાઓ આધ્યાત્મિકતાને વેડફી નાંખે છે. આપણે અહીં રજા ગાળવા આવીએ છીએ, આપણે સંગીત સાંભળીને મજા લઈએ છીએ, આપણે સરસ ભોજન કરીએ છીએ. આપણામાંના કેટલાં સાધના બાબતે ગંભીર છે?

સત્ય એ એવી દવા છે, જે કડવી હોય છે અને તેના પર આપણે સાકરનું આવરણ નથી ચડાવી શકતા કારણકે તેનો કોઈ અર્થ નથી. તેથી મહેરબાની કરીને અત્યંત કડવા સત્ય માટે તૈયાર રહેજો, એ તમારી અંદરથી જ આવવાનું છે. જ્યારે તમે સાંજની સફાઈ કરો છો, ત્યારે તમે શું તમારી અંદર જુઓ છો ખરા? જ્યારે તમે રાત્રે સૂવા જાઓ છો અને રાત્રી–પ્રાર્થના કરો છો, ત્યારે તમે શું એવું વિચારો છો કે બાબુજીએ કહ્યું છે કે “ફરીથી ભૂલો ન કરવાનો નિશ્ચય રાખો.” શું આપણે તે કરીએ છીએ? કે પછી આપણે ખાલી આમ બબડીએ છીએ, કે ‘હે નાથ! તું જ મનુષ્ય જીવનનું સાચું લક્ષ્ય છે...’ જુઓ આ હસવાની વાત નથી, ભલે તે હસવા જેવી લાગે પણ તે અતિ ગંભીર છે.

....જ્યારે પ્રકૃતિની શક્તિ જાગૃત થાય છે, ત્યારે પક્ષીઓ, પ્રાણીઓ અને જંતુઓને તરત ખબર પડી જાય છે, પણ આપણને ખબર પડતી નથી. આપણે સિસ્મોગ્રાફ પર આધાર રાખીએ છીએ, આપણે ટેલીવીઝનના સમાચારો પર આધાર રાખીએ છીએ, તેમાંનું મોટા ભાગનું જૂઠાણું હોય છે. અહીં [હૃદય] જે છે, તેના તરફ તમે શા માટે જોતા નથી? શું તે તમને કોઈ સંકટની ચેતવણી આપે છે? કાયમ અહીં જુઓ; જ્યારે પણ તમને ભય લાગતો હોય, જ્યારે પણ તમને લાગે કે ગાડી આડા પાટે જઈ રહી છે ત્યારે બાબુજી મહારાજે કહ્યું છે, ‘આ[મગજ]ના પર ભરોસો ન કરતા, તે માત્ર વિચાર કરવા માટે જ હોય છે, તે માત્ર તમને માહિતી જ આપશે, તે તમને નહીં કહે કે શું સાચું છે, શું ખોટું છે. જ્યારે પણ તમને શંકા જાગે, ત્યારે હૃદય પર ભરોસો કરો.’ તેમના આશીર્વાદ આજે તમારી સૌ પર વરસે તેની હું પ્રાર્થના કરું છું!”

# નવીન પ્રકાશનો



પૂ.માસ્ટરે કેટલાંક પુસ્તકો અને સીડીઓનું વિમોચન કર્યું, જેની યાદી નીચે આપવામાં આવી છે.

**ટેલ્સ ઓફ વન્ડર ૧**
તમિલ, તેલુગુ, હિન્દી


**કમ્પ્લીટ વર્કસ ઓફ રામચંદ્ર વો.૧-**
હિન્દી

**આધ્યાત્મિકતા શા માટે**
અંગ્રેજી, હિન્દી, તેલુગિ, તમિલ, ગુજરાતી, કન્નડ, મરાઠી, નેપાળી, જર્મન, ઈટાલિયન, પોર્ટુગીઝ, સ્પેનીશ


**ડાઉન મેમરી લેન**
દ્વિતીય આવૃત્તિ




**અન્ડરસ્ટેન્ડીંગ સ્પીરીચ્યુઆલીટી**
(પાંચ ડીવીડીઓનો સેટ)




**પ્રિફેક્ટ ડીવીડી સેટ વોલ્યુમ ૨**
(કોર્પસમાં નથી)





**ઈનર રિફલેક્ષન્સ – વોલ્યુમ ૧**
સત્સંગ પછી અપાયેલા પ્રતિબિંબિતરૂપ વકતવ્યો




**ગુરુ અને લક્ષ્ય**
તમિલ, તેલુગુ, કન્નડા, મલયાલમ, મરાઠી, ગુજરાતી




**રિલીજીયન એન્ડ સ્પીરીચ્યુઆલીટી**
તમિલ





**યુથ વોલ્યુમ ૧**
ઈટાલિયન





**રિયાલીટી એટ ડોન**
મલયાલમ





**હાર્ટસ્પીક ૨૦૦૯**
સ્પેનીશ




**હાર્ટસ્પીક ૨૦૦૭**
હિન્દી




**હાર્ટસ્પીક ૨૦૦૨ વોલુમ ૧**
અંગ્રેજી




**ટેલ્સ ઓફ વન્ડર ૨**
અંગ્રેજી